GJRJ220004812023

सत्यमेव जयते

દાખલ તારીખ : ૨૮/૦૭/૨૦૨૩
રજીસ્ટર તારીખ : ૨૮/૦૭/૨૦૨૩
ફેસલ તારીખ : ૨૯/૦૭/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

આંક–

:: નમુના–અ ::

| **૧૦ માં અધિક સેસન્સ જજ એન્ડ સ્પેશ્યલ જજ (ઇલેક્ટ્રીસીટી) સાહેબની અદાલતમાં, મુ.ધોરાજી.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૯–૦૭–૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા. | સ્પેશ્યલ કેસ (ઇલેક્ટ્રીસીટી) નં.૦૯/૨૦૨૩. |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | ધી ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.ર.નં.૩૬૭૯/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, રાજકોટ. |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર<br>(ફરિયાદી–નાયબ ઇજનેર, પી.જી.વી.સી.એલ., ભાયાવદર–સબ ડીવીઝન. |
| ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રી | વિ.એડી.પી.પી. કે.એમ.પારેખ. |
| આરોપી પક્ષ | **દિનેશભાઇ કરશનભાઇમહીડા,** ઉ.વ.આ.૩૭, ધંધો–મજુરી, રહે.ખીરસરા (ઘેટીયા), તા.ઉપલેટા, જી.રાજકોટ. |
| આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી | લીગલ તરફથી વિદ્વાન વકીલશ્રી એ.એ.સાગઠીયા. |

:: નમુના–બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૩–૦૫–૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૩–૦૫–૨૦૨૩ |
| આખરી અહેવાલ (ચાર્જશીટ) ની તારીખ | ૦૫–૦૭–૨૦૨૩ |
| તહોમતનામાની તારીખ | ૧૫–૦૩–૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૨–૦૫–૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૯–૦૭–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯–૦૭–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ––– |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યો /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **દિનેશભાઇ કરશનભાઇ મહીડા** | પોલીસ સમક્ષ હાજર થયેલ છે. તારીખઃ– ૦૪–૦૭–૨૩ | ૦૪–૦૭–૨૩ | ધી ઇન્ડીયન ઇલે. એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ. | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | –– | –– |

## :: નમુના–ક ::

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### (અ. ફરિયાદપક્ષ)

| અનુ.ક્ર. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૮ | મોહીતકુમાર કિશોરભાઇ ચોટલીયા | ફરિયાદી. |
| ૨. | ૧૩ | માવજીભાઇ ખીમજીભાઇ પરમાર | પંચસાહેદ |
| ૩. | ૧૫ | અરવિંદભાઇ જેઠાભાઇ પરમાર | પંચસાહેદ |
| ૪. | ૨૨ | મુકેશકુમાર જીવણલાલ સોલંકી | સાહેદ. |
| ૫. | ૨૮ | યોગેન્દ્રસિંહ દીલીપસિંહ જાડેજા | સાહેદ. |
| ૬. | ૩૧ | કિશોરભાઇ ભાણજીભાઇ ગુજરાતી | સાહેદ–ત.ક.અમલદાર. |

### (બ. બચાવ પક્ષ)

| અનુ.ક્ર. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| બ.સા.૧ | –– | –– | –– |
| બ.સા.૨ | –– | –– | –– |

### (ક. કોર્ટના સાહેદો જો કોઇ હોય તો)

| અનુ.ક્ર. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ન્યા.સા.૧ | –– | –– | –– |
| ન્યા.સા.૨ | –– | –– | –– |

## ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી.
## અ. ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવો.

| અનુ.ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૯ | એનેક્ષર–સી. |
| ૨. | ૧૦ | પરિશિષ્ટ–જી. |
| ૩. | ૧૧ | પુરવણી બીલ. |
| ૪. | ૧૨ | ફરિયાદ. |
| ૫. | ૧૪ | સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| ૬. | ૨૩ | ચેકીંગ રીપોર્ટ. |
| ૭. | ૨૪ | આરોપીનું આધાર કાર્ડ તથા ફોટોગ્રાફ્સ સંયુક્ત. |
| ૮. | ૨૫ | એનેક્ષર–૪ |
| ૯. | ૨૬ | સ્થળ પરનું રોજકામ |
| ૧૦. | ૨૭ | ગેટ પાસ. |
| ૧૧. | ૨૯ | કલમ–૧૫૪ નો ઉતારો. |
| ૧૨. | ૩૦ | ડેપ્યુટ હુકમ. |

## બ. બચાવપક્ષે દસ્તાવેજી પુરાવો.

| અનુ.ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | –– | –– |

## ક. ન્યાયાલય આંક.

| અનુ. ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | –– | –– |

## ડ. ભૌતિક પદાર્થ.

| અનુ. ક્ર. | ભોતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## <u>ચુ કા દો</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૩–૦૫–૨૦૨૩ ના રોજ કલાકઃ૦૭–૪૫ વાગ્યે ઉપલેટા તાલુકાના ખીરસરા (ઘેટીયા) ગામે આરોપી પોતાના નામનું

કોઈ વીજ જોડાણ ધરાવતા ન હોય છતા પોતાના ઘર વપરાશના હેતું માટે ઘર પાસેથી પસાર થતી વીજ લાઇનમાંથી ગેર કાયદેસર રીતે વીજ પાવર વાપરી પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓના વીજ ચેકીંગ દરમ્યાન ૦.૩૧૫ કિ.વો.નો લોડ જોડી વીજ પાવર વાપરી રૂ.૫૯૩૦–૬૫ પૈસાની વીજ ચોરી કરતા બીજી વખત પકડાઈ જઈ તે અંગે ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસર થવા હાલની ફરિયાદ નોંધાવેલ છે.

(૨) સદર બનાવની ફરિયાદ તા.૨૩–૦૫–૨૦૨૩ ના રોજ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન રાજકોટ મુકામે ગુ. ર. નં. ૩૬૭૯/૨૦૨૩ થી દાખલ કરવામાં આવેલ જે પરત્વે તપાસના અંતે પોલીસ દ્વારા આરોપી વિરૂધ્ધ ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસિટી એક્ટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવતા તેને સ્પેશ્યલ ફોજદારી કેસ (ઇલેક્ટ્રીસીટી) નં.૦૯/૨૦૨૩ થી તા.૨૮–૦૭–૨૩ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે અને કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે આરોપી અત્રેની કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાતરી કર્યા બાદ આ કામે આંક–૦૬ થી આરોપી વિરૂધ્ધ ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસિટી એક્ટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું તહોમતનામુ ઘડી વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીનું ગુના પરત્વેનું નિવેદન આંક–૦૭ થી નોંધેલ છે જેમાં આરોપીને ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે કેસની ઇન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં ઉપરોક્ત વિગતે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ આંક–૩૨ થી ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

(૫) ત્યાર બાદ સદર કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં

ફરીયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે. આ ઉપરાંત વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ નથી અને તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન એડી.પીપી.શ્રી કે.એમ.પારેખની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી એ.એ.સાગઠીયાની મૌખિક દલીલ સાંભળી.

(૬.૧) વિદ્વાન એડી.પી.પી.શ્રી કે.એમ.પારેખે મૌખિક દલીલ કરતા એવી રજુઆત કરેલ છે કે, આ કામે આરોપી સામે ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના ગુનાનો ચાર્જ આંક–૬ થી ફરમાવેલ છે. આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા ફરિયાદપક્ષ દ્વારા પુરાવો રજુ કરેલ છે. ફરિયાદપક્ષે આંક–૦૮ થી ફરિયાદી મોહીતકુમાર કિશોરભાઈ ચોટલીયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં વીજ કંપનીના અધિકારીઓ દ્વારા ખીરસરા મુકામે આરોપીના ઘર પાસે જઈ તપાસ કરતા તેઓ બીનઅધિકૃત ગ્રાહક તરીકે વીજવપરાશ કરી રહ્યાં હતા અને તેનો કનેક્ટેડ લોડ ૦.૩૧૫ કીલોવોટનો હતો અને જે અંગે સ્થાનિકે ચેકીંગ કરી તેની કચેરીમાં અહેવાલ આવતા ફરિયાદીએ નિયમોને આધીન કેલક્યુલેશન શીટ તૈયાર કરાવેલ જે આંક–૯ થી રજુ છે અને સદર કેલક્યુલેશન શીટના આધારે આરોપીને પાવર ચોરીનું બીલ તથા નોટીસ આપેલી જે અનુક્રમે આંક–૧૦ અને ૧૧ થી રજુ કરેલ બાદ ફરિયાદીએ આરોપીની બીજી વખતની પાવર ચોરી હોય જે અંગેની ફરિયાદ આપેલી જે આંક–૧૨ થી રજુ કરેલ છે. ફરિયાદીને આરોપી વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરવાનું કોઈ કારણ નથી, ફરિયાદીએ રાગદ્વેશથી આરોપી વિરૂધ્ધ ખોટી ફરિયાદ આપેલ હોય તેવું પણ આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તે સંજોગોમાં ફરિયાદીની ફરિયાદ અને જુબાનીને ન માનવાને કોઈ કારણ ન હોય આરોપીને ફરિયાદ મુજબની ગેરકાયદેસરની પાવર ચોરી બીજી વખત કરી ગુનો કરેલાનું ફરિયાદીની જુબાનીથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ હોય જેથી આરોપીને તેઓની સામેના ગુનાના કામે તકસીરવાન ઠરાવી

સજા કરવા વિનંતી કરેલ છે.

(૬.૨) વધુમાં વિદ્ધાન એડી.પી.પી.શ્રી કે.એમ.પારેખની એવી રજુઆત છે કે, આ કામે ફરિયાદપક્ષે આંક–૧૩ થી પંચસાહેદ માવજીભાઇ ખીમજીભાઇ પરમારને તથા આંક–૧૫ થી પંચસાહેદ અરવિંદભાઇ જેઠાભાઇ પરમારને સોગંદ ઉપર તપાસેલ છે. મજકુર પંચો આંક–૧૪ થી રજુ થયેલ સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચો તેની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને ફરી ગયેલા જાહેર થયેલ છે. પરંતુ મજકુર પંચો જેટલા અંશે તેની જુબાનીમાં પંચનામાની હકિકતને સમર્થન કરતા હોય તેટલી હકિકતોને માની સદર પંચનામું પંચોની હાજરીમાં પંચોની લખાવ્યા મુજબનું તૈયાર કરવામાં આવેલ હોવાનું માનવું જોઇએ. વધુમાં તેઓની એવી રજુઆત છે કે, આ કામે આંક–૨૨ થી સાહેદ મુકેશભાઇ જીવણલાલ સોલંકીને કે જેઓ જે તે વખતે ધોરાજી સબ ડીવીઝનમાં જુનીયર ઇજનેર તરીકે ફરજ બજાવતા હતા અને રેડ દરમ્યાન તેઓ સાથે હતા અને તેઓની જુબાની વંચાણે લેતા તેઓએ જે કામગીરી સ્થળ પર કરેલી તેની હકિકતો જણાવી આંક–૨૩ થી આંક–૨૭ મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે. આમ આ સાહેદના પુરાવાથી બનાવના દિવસે તેઓ બનાવવાળી જગ્યાએ રેડમાં ગયેલ હતા અને સ્થાનિક જગ્યાએ જઇ તપાસ કરતા આરોપી તેના રહેણાંક મકાને કોઇપણ જાતના અધિકૃત વીજ જોડાણ ન હોવા છતા વીજ ચોરી કરી રહ્યાં હોવાનું રેડ દરમ્યાન માલુમ પડતા ચેકીંગ રીપોર્ટ ભરેલ, સ્થળ ઉપર સ્થિતિ દર્શાવતું રોજકામ કરેલ અને સ્થળ ઉપરથી કેબલ કબજે લીધેલ તે અંગે એનેક્ષર–૪ ભરેલ અને કબજે કરેલ મુદ્દામાલ જમા કરાવ્યાનો ગેટ પાસ પણ તેઓએ રજુ કરેલ છે ત્યારે આ સાહેદોની જુબાનીને ન માનવાને કોઇ કારણ નથી. આ કામે તપાસેલ આંક–૨૮ ના સાહેદ કે જેઓ તેની રાજકોટ ખાતેની જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા ત્યારે ફરિયાદીએ તેઓ રૂબરૂ ફરિયાદ આપેલ છે જેના આધારે તેઓએ ગુનો નોંધી તપાસ એ.એસ.આઇ. કે.બી.ગુજરાતીને સોંપેલી તેવી હકિકત

જણાવી અસલ એફ.આઇ.આર. તથા ડેપ્યુટ હુકમ આ કામે અનુક્રમે આંક–૨૯ અને ૩૦ થી તેઓએ રજુ કરેલ છે. આમ, આ સાહેદની જુબાની પણ ન માનવાને કોઇ કારણ નથી. વધુમાં તેઓની એવી રજુઆત છે કે, આ કામે ગુનાની તપાસ કરનાર અમલદારને આંક–૩૧ થી ફરિયાદપક્ષે તપાસેલ છે. આ સાહેદે પોતાની તપાસ દરમ્યાન તપાસના કામે રજુ થયેલ દસ્તાવેજો કબજે કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે. આમ, આ સાહેદ તપાસ કરનાર અમલદાર હોય તેઓએ નિષ્પક્ષ તપાસ કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે જેથી આ સાહેદની જુબાનીને પણ ન માનવાને કોઇ કારણ નથી. આમ, ફરિયાદપક્ષ પડેલ પુરાવાના આધારે આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ છે ત્યારે આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૭) જયારે આરોપી તરફે વિ.વ.શ્રી એ.એ.સાગઠીયાએ પોતાની મૌખિક દલીલમાં એવી રજુઆત છે કે, આ કામના ફરિયાદી કે જેઓએ આંક–૧૨ ની ફરિયાદ આરોપી વિરૂધ્ધ આપેલ છે તેઓ બનાવવાળી જગ્યાએ ગુનાના કામે ગયેલ નથી ત્યારે ફરિયાદીને બનાવની જાત માહીતી ન હોય તે સંજોગોમાં તેઓએ આપેલ ફરિયાદને માની શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૪ થી સ્થાનિક જગ્યાનું પંચનામું રજુ કરેલ છે પરંતુ, સદર પંચનામાના પંચો મજકુર પંચનામાની હકિકતને સમર્થન કરતા નથી અને સહીથી વિશેષ તેઓ કાંઇ જાણતા નથી તેમ જણાવે છે ત્યારે તટસ્થ અને સ્વતંત્ર પંચોના પુરાવાના અભાવે ફરિયાદપક્ષ સ્થાનિક જગ્યા પુરવાર કરી શકેલ નથી. બનાવવાળું સ્થળ રહેણાંક વિસ્તાર છે, આજુબાજુ વસ્તીવાળો વિસ્તાર છે, તેમ છતા તપાસ કરનાર અમલદારે ત્યાંના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. જે સાહેદો છે તે વીજ કંપનીના જ કર્મચારીઓ છે, તપાસ કરનાર અમલદારે એ હકિકત કબુલ રાખેલ છે કે, કહેવાતી રેડ તા.૨૩–૦૫–૨૦૨૩ ના રોજ થયેલી અને મે પંચનામું તા.૨૯–૦૬–૨૦૨૩ ના રોજ એટલે કે આશરે એક માસ

જેવા સમય બાદ કરેલ હતું. આમ, બનાવ બાદ તપાસ કરનાર અમલદાર દ્વારા બનાવવાળી જગ્યાએ એક માસ પછી જઈ પંચનામું કરેલ છે ત્યારે તપાસનીશ અધિકારીએ પોતાની તપાસ દરમ્યાન જે કામગીરી કરેલ છે તે કામગીરી શંકાસ્પદ માની આવી તપાસના અંતે જે ચાર્જશીટ કરેલ છે તેના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ માનવું જોઇએ. વધુમાં ફરિયાદીએ જે જગ્યાએ વીજ ચોરી થયા બાબતનું દર્શાવેલ છે તે જગ્યાની રેડીંગ પાર્ટીના કોઇ સાહેદોને સાથે રાખીને તપાસ કરનાર અમલદારે કોઈ ખરાચ કે તપાસ કરેલ હોય કે કોઇ મુદ્દામાલ કબજે કરેલ હોય કે બનાવવાળી જગ્યા આરોપીની માલીકી અને કબજા ભોગવટાની હતી તે હકિકત પુરવાર કરવા કોઈ સાધનિક આધાર રજુ કરેલ હોય તેવું રેકર્ડ જોતા જણાતું નથી ત્યારે ફરિયાદપક્ષ આરોપી સામે પડેલ પુરાવાના આધારે પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ નથી તેમ માની આરોપીને ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) આ કામે બંને પક્ષોની રજુઆતો તેમજ રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતા સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૩–૦૫–૨૦૨૩ ના રોજ કલાકઃ૭–૪૫ વાગ્યે ઉપલેટા તાલુકાના ખીરસરા (ઘેટીયા) ગામે આરોપી પોતાના નામનું કોઇ વીજ જોડાણ ધરાવતા ન હોવા છતા પોતાના ઘર વપરાશના હેતું માટે ગેર કાયદેસરનું વીજ જોડાણ કરી, ગેરકાયદેસર રીતે વીજ પાવર વાપરી પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓના વીજ ચેકીંગ દરમ્યાન ૦.૩૧૫ કિ.વો.નો લોડ જોડી વીજ પાવર વાપરી રૂ.૫૯૩૦–૬૫ પૈસાની વીજ ચોરી કરતા બીજી વખત પકડાઇ જઇ ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસિટી એક્ટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ઃ– નકારમાં.**

**મુદ્દા નં.૨ઃ– આખરી હુકમ મુજબ.**

**કા ર ણો**

**મુદ્દા નં.૧**

(૧૦) બંને પક્ષકારો તરફે વિ.વકીલશ્રીની દલીલો લક્ષમાં લીધી, આ કામે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો.

**–::ફરિયાદપક્ષનો પુરાવો::–**

(૧૧) સદર કામે ફરિયાદપક્ષે આંક–૮ થી **ફરિયાદી મોહીતકુમાર કિશોરભાઇ ચોટલીયાને** સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેના સોગંદ ઉપરની પુરાવામાં જણાવે છે કે, "વર્ષ–૨૦૨૩ મા ભાયાવદર સબડિવીજન મા મારી ફરજ પર હતો ત્યારે ખીરસરા ગામે દિનેશભાઇ કરશનભાઇ મહિડા ગેરકાયદેસર રીતે ૦.૩૧૫ કિલો વોટનો વિજ વપરાશ વાપરતા હોવાનુ અમારી કંપનીના ધોરાજીના ના.ઈ. એમ.જે.સોલંકીએ તપાસ દરમ્યાન નોંધેલી અને તે આધારે અમારી કચેરીમા રીપોર્ટ આપેલો. જેથી મે આ અંગે પીજીવીસીએલ ના નિયમોને આધીન કેલક્યુલેશન શીટ તેયાર કરેલ અને આરોપીને તે ગણતરી પ્રમાણે રૂ.૫,૯૩૦/– નુ પાવરચોરીનુ બીલ મોકલી આપેલ જે ભરપાઇ કરવાનુ નોટીસ મા જણાવેલ. મને માર્ક–૫/૧૦ બતાવવામા આવે છે તે કેલક્યુલેશન શીટ છે તેમા મારી સહિ છે તે રજુ કરુ છુ દાખલ **આંક–૯.** આ કેલક્યુલેશન શીટના આધારે માર્ક–૫/૮ વાળી નોટીસ સાથે માર્ક–૫/૯ વાળુ પાવર ચોરીનુ બીલ આપેલ તે બધામા મારી સહિ છે. તે રજુ કરુ છુ અનુક્રમે દાખલ **આંક–૧૦,૧૧.** આ અંગે આરોપીએ બીલ ભરેલ નહિ જેથી મે ફરીયાદ આપેલી. મને માર્ક–૫/૩ બતાવવામા આવે છે તેમા મારી સહિ છે અને તે મે આપેલ અસલ ફરીયાદ છે જે રજુ કરુ છુ દાખલ **આંક–૧૨.** પોલીસે મારી પુછપરછ કરેલી."

(૧૧.૧) આ ફરિયાદીની આરોપી તરફે વિ.વકીલશ્રી એ.એ.સાગઠીયા દ્વારા કરાયેલ ઉલટ તપાસમાં ફરિયાદી એવી હકિકત જણાવે છે કે,

"એ વાત ખરી છે કે, સ્થાનિક જગ્યાએ રોજકામ કરવા અન્ય તપાસ કરવા હુ ગયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારી પાસેથી કોઇ મુદામાલ વાયર કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે, કેલક્યુલેશન શીટ ખોટી રીતે તેયાર કરેલ છે. એ વાત ખરી નથી કે પાવર ચોરીની ખોટી ફરીયાદ કરેલ છે."

**(૧૨)** ફરિયાદપક્ષે આંક–૧૩ થી **પંચસાહેદ માવજીભાઇ ખીમજીભાઇ પરમારને, આંક–૧૫ થી પંચ સાહેદ અરવિંદભાઇ જેઠાભાઇ પરમારને** સોગંદ ઉપર તપાસેલ છે. મજકુર પંચ સાહેદો તેની જુબાનીમાં તેઓને પંચનામું બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવી સદર પંચનામું આંક–૧૪ થી રજુ કરેલ છે અને સહીથી વિશેષ તેઓ કશુ જાણતા ન હોવાનું જણાવે છે. આ પંચો તેની જુબાનીમાં પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય તેને ફરી ગયેલા જાહેર કરી ઉલટ કરવાની પરવાનગી માંગતા તે મંજુર કરતા સાહેદની ઉલટ તપાસ વિદ્વાન એડી.પી.પી.શ્રીએ કરેલ છે અને ઉલટ તપાસમાં પણ પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઇ વિગતો જાહેર કરતા નથી.

**(૧૨.૧)** આરોપી તરફે આ પંચોની વિદ્વાન વકીલશ્રી એ.એ.સાગઠીયા દ્વારા મજકુર પંચોની કોઇ ઉલટ તપાસ કરાયેલ નથી.

**(૧૩)** આ કામે ફરિયાદપક્ષે આંક–૨૨ થી **સાહેદ મુકેશકુમાર જીવણલાલ સોલંકીને** તપાસેલ છે, તેઓ તેના સોગંદ ઉપરની પુરાવામાં જણાવે છે કે, "ગત તારીખ ૨૩/૦૫/૨૦૨૩ ના ભાયાવદર સબ ડીવીઝનના ખીરસરા ગામે હું મારી ટીમ સાથે રેઈડમાં ગયેલો હતો. મારી ટીમમાં ઈલે. આસી. એસ. બી. વાઘમસી અને પરેશ વાછાણી હતા. અમે આરોપીના ઘરે તપાસ કરતા દિનેશ કરશન મહીડા હાજર હતા અને તે બિનઅધિકુત ગ્રાહક હતા. તેમની ઓળખ માટે આધારકાર્ડ તેમજ લાઈસન્સ મેળવેલુ. જેના નંબરની નોંધ ચેકીંગ રીપોર્ટમાં કરેલી હતી. આ વ્યકિતના ઘરમાં ૧ ટીવી, ૫ એલઈડી બલ્બ અને ૨ પંખા હતા. ત્યાં કુલ ૩૧૫ વોટ ના વિજજોડાણ હતા અને તેમની પાસે કોઈ વિજજોડાણ હોવાના કોઈ પુરાવા ન હતા અને

તેમણે સીધી વિજચોરી કરેલ હતી. તેમને સ્થળ ઉપર આ રેઈડની સમજ કરી અને સીંગલ ફેઈઝ મીટર ચેકીંગ રીપોર્ટ ભરેલો અને તેમાં ખરાપણા માટે તેઓની સહી લીધેલી હતી, જે આ કામે માર્ક ૫/૪ થી રજુ છે, તે આજરોજ રજુ કરૂ છુ, તેને **દાખલ આંક–૨૩**. સ્થાનીક જગ્યાએ રોજકામ કરેલુ હતુ અને આરોપીના જે આધારકાર્ડની નકલ મેળવેલી તે તથા તેમણે કરેલ પાવરચોરીના સીધા વિજજોડાણના ફોટાઓ લીધેલા હતા, જે આ કામે માર્ક ૫/૧૧ થી રજુ છે, તે આજરોજ રજુ કરૂ છુ, તેને તમામને સંયુકત **દાખલ આંક–૨૪**. સ્થાનીક જગ્યાએ આ વિજ વાયર કબ્જે લીધેલ જે માટે એનેક્ષર–૪ ભરેલુ હતુ, જે આ કામે માર્ક ૫/૫ થી રજુ છે, તેમાં મારી તેમજ આરોપીની સહી છે, તે આજરોજ રજુ કરૂ છુ, તેને **દાખલ આંક–૨૫**. સ્થાનીક જગ્યાએ રોજકામ કરેલુ અને આ હકીકત નોંધેલી હતી. જે રોજકામમાં મારી તેમજ આરોપીની સહીઓ છે, જે આ કામે નામદાર અદાલતની ફાઈલમાંથી રજુ કરૂ છુ, તેને **દાખલ આંક–૨૬**. રેઈડ પુર્ણ કર્યા બાદ સ્થાનીક જગ્યાએથી તમામ પેપર્સ ભેગા કરીને ભાયાવદર પેટા કચેરીએ જમાં કરાવેલ અને કબ્જે લીધેલ કાળા રંગનો વાયર પણ જમાં કરાવેલો. જેનો ગેટપાસ માર્ક ૫/૭ થી આ કામે રજુ છે, જેને આજરોજ રજુ કરૂ છુ, તેને **દાખલ આંક–૨૭**. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે, હું તેને ઓળખુ છુ. પોલીસે મારી પુછપરછ કરેલી હતી.”

**(૧૩.૧)** આ સાહેદની આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા કરાયેલ ઉલટ તપાસમાં સાહેદ એવી હકિકત જણાવે છે કે, “એ વાત ખરી છે કે, તારીખ ૨૩/૦૫/૨૦૨૩ ના જે રેઈડ કરેલી તેમાં આંક–૨૩ ના અહેવાલમાં "કરશન વાલજી મહીડા" નામ ગ્રાહક તરીકે નોંધેલુ છે. એ વાત ખરી છે કે, આ આંક–૨૩ વાળા અહેવાલમાં ગ્રાહક નંબરમાં નોન કન્ઝયુમર લખેલ છે. રેકર્ડ જોયા વગર હું એ વાત જણાવી શકુ નહી કે કરશન વાલજી મહીડા ભુતકાળમાં અમારા ગ્રાહક હતા કે કેમ? એ વાત ખરી નથી કે, હું સ્થાનીક જગ્યાએ ગયેલ જ ન હતો અને કચેરીમાં બેસીને ખોટા અહેવાલ બનાવીને તેના સમર્થનમાં આજરોજ ખોટી

જુબાની આપુ છુ.”

(૧૪) ફરિયાદપક્ષે આંક–૨૮ થી **સાહેદ યોગેન્દ્રસિંહ દીલીપસિંહ જાડેજાને** તપાસેલ છે, આ સાહેદ પોતાના સોગંદ ઉપરની પુરાવામાં જણાવે છે કે, “ગત તારીખ ૨૩/૦૫/૨૦૨૩ ના હું જી.યુ.વિ.એન.એલ. પોલીસ સ્ટેશન ખાતે મારી ફરજ પર હતો ત્યારે આંક–૧૨ ફરીયાદ અમોને મળેલી. આ ફરીયાદના આધારે મેં જી.યુ.વિ.એન.એલ. પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર ૩૬૭૯/૨૦૨૩ થી ગુનો નોંધેલ અને તેનો ઉતારો કલમ ૧૫૪ ના નમૂનામાં કરેલો હતો. જે આ કામે નામદાર અદાલતના રેકર્ડમાંથી મને બતાવવામાં આવે છે, તે તેજ છે અને તે આજરોજ રજુ કરૂ છુ, **દાખલ આંક–૨૯**. આ ગુનાની આગળની તપાસ અમોએ માર્ક ૫/૧ ના ડેપ્યુટ હુકમથી એ.એસ.આઈ. શ્રી કે. બી. ગુજરાતીનાઓને સોંપેલી, આ હુકમમાં મારી સહી છે, તે આજરોજ રજૂ કરૂ છુ, **દાખલ આંક–૩૦**.”

(૧૪.૧) આ સાહેદની આરોપી તરફે કરાયેલ ઉલટ તપાસમાં સાહેદ એવી હકિકત જણાવે છે કે, “એ વાત ખરી છે કે, અમારા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ ઈમેઈલથી મળેલી હતી. એ વાત ખરી છે કે, તેની પ્રિન્ટ લીધેલી હોય તે અંગે પુરાવા અધિનીયમનુ કોઈ પ્રમાણપત્ર અમોએ મેળવેલુ નથી. એ વાત ખરી છે કે, રેઈડનુ સ્થળ અમારે ત્યાંથી ૧૩૦ કી.મી. જેવુ દુર છે.”

(૧૫) ફરિયાદપક્ષે આંક–૨૬ થી **સાહેદ કિશોરભાઈ ભાણજીભાઈ ગુજરાતીને** તપાસેલ છે, આ સાહેદ પોતાના સોગંદ ઉપરની પુરાવામાં જણાવે છે કે, “ગત તારીખ ૨૩/૦૫/૨૦૨૩ ના હું જી.યુ.વિ.એન.એલ. પોલીસ સ્ટેશન ખાતે મારી ફરજ પર હતો ત્યારે હાલના ગુનાની તપાસ અમોને મળેલી હતી. આ કામે મેં લાગતા વળાગતા સાહેદોના નિવેદનો નોંધેલ હતા અને આરોપીના ઘરનુ પંચનામુ કરેલુ હતુ અને પીજીવીસીએલ તરફથી આપવામાં આવેલ બીલ, ગણતરી પત્રક અને અન્ય આધારો કબ્જે લીધેલ અને આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કેસ જણાતા અમોએ ચાર્જશીટ કરેલુ હતુ.

આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે, તેને હું ઓળખુ છુ."

(૧૫.૧) આ સાહેદની આરોપી તરફે કરાયેલ ઉલટ તપાસમાં સાહેદ એવી હકિકત જણાવે છે કે, "એ વાત ખરી છે કે, કહેવાતી રેઈડ તારીખ ૨૩/૦૫/૨૦૨૩ ના રોજ થયેલી અને મેં પંચનામુ તારીખ ૨૯/૦૬/૨૦૨૩ ના રોજ એટલે કે આશરે ૧ માસ જેવા સમય બાદ કરેલુ હતુ. એ વાત ખરી છે કે, ખીરસરા ગામે બપોરે ૦૧-૧૦ કલાકે રેઈડ થયેલ હોય તો ત્યાંથી ભાયાવદર પહોચતા અને મુદ્દામાલ જમાં કરાવવામાં અને ગણતરીપત્રક તૈયાર કરવામાં આશરે ૩ થી ૪ કલાક જેવો સમય વીતી જાય. મારી તપાસ દરમ્યાન મેં અસલ ફરીયાદ કબ્જે લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી રીતે ચાર્જશીટ કરેલુ છે."

**-::ફરિયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન::-**

(૧૬) ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદીને ગુનાના કામે આંક-૦૮ થી તપાસેલ છે. મજકુર ફરિયાદીના સમગ્ર પુરાવાને વાંચવામાં આવે તો બનાવવાળી જગ્યાએ હાલના ગુનાના કામે તેઓ ગયેલ નથી તેવી હકિકતનો સ્વિકાર કરે છે ત્યારે મજકુર ફરિયાદી બનાવના નજરે જોનાર સાહેદ નથી અને બનાવ અંગે તેઓ જાત માહીતી ધરાવતા હોય તેવો ફરિયાદપક્ષનો કેસ નથી તે સંજોગોમાં ફરિયાદીની જુબાની અને આંક-૧૨ વાળી ફરિયાદના આધારે જ આરોપીને ગુનાના કામે સાંકળી આરોપીએ ગેરકાયદેસરની ફરિયાદ મુજબની પાવર ચોરી કરેલ હોય તેમ ફરિયાદીની જુબાનીથી પુરવાર થયાનું માની શકાય નહી. વધુમાં આ કામે રેડ કરનાર અધિકારી સાથે બનાવ વખતે હાજર હતા તેવા સાહેદ કે જેઓ જુનિયર ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા તેઓને આંક-૨૨ થી તપાસેલ છે. મજકુર સાહેદની સમગ્ર સરતપાસ જોતા તેઓ તેની સરતપાસમાં તેઓએ રેડ વખતે જે કાર્યવાહી કરેલી તેની સઘળી હકિકતોનું વર્ણન તેની જુબાનીમાં કરી ફરિયાદપક્ષના કેસને સમર્થન આપવા પ્રયત્ન કરે છે પરંતુ, ઉલટ તપાસ જોતા આ સાહેદે તા.૨૩-૦૫-૨૦૨૩ ના જે રેડ કરેલી તેમાં આંક-૨૩ ના અહેવાલમાં "કરશન વાલજી મહીડા"

નામ ગ્રાહક તરીકે નોંધેલ છે, આંક–૨૩ વાળા અહેવાલમાં ગ્રાહક નંબરમાં નોન કન્ઝ્યુમર લખેલ છે, રેકર્ડ જોયા વગર તેઓ જણાવી શકે નહી કે કરશન વાલજી મહીડા ભુતકાળમાં તેના ગ્રાહક હતા કે કેમ? તેવી હકિકતનો સ્વિકાર કરે છે. આમ, આ સાહેદે આંક–૨૩ થી જે દસ્તાવેજ કરજુ કરેલ છે તેમાં હાલના આરોપીના નામનો ઉલ્લેખ નથી. વધુમાં આ સાહેદનો સમગ્ર પુરાવો જોતા તેઓએ જે જગ્યાએ રેડ કરેલી તેના કોઇ માલીકી આધારોની ખરાય કરેલી હોય કે તલાટી મંત્રીને બોલાવીને કોઇ રેવન્યુ રેકર્ડ મેળવેલ હોય તે હકિકતલક્ષી કોઇ પુરાવો આપેલ નથી કે આ કામે રજુ કરેલ નથી ત્યારે કહેવાતી બનાવવાળી જગ્યા હાલના આરોપીની માલીકી અને કબજા ભોગવટાની હતી તેમ માની આરોપી બનાવવાળી જગ્યાએ પાવત ચોરી કરતા પકડાઇ ગયાનું માની આરોપીને ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં આ સાહેદની જુબાની દરમ્યાન આંક–૨૪ થી આરોપી બનાવ સ્થળે પાવર ચોરી કરતા હતા તે હકિકતને સમર્થન આપવા માટે બનાવવાળી જગ્યાના ફોટોગ્રાફ્સ તથા આરોપીના નામનું આધાર કાર્ડ રજુ કરેલ છે. પરંતુ, આ કામે પુરાવા અધિનિયમની કલમ–૬૫ (બી) મુજબનું કોઇ પ્રમાણપત્ર ઉપરોક્ત ફોટોગ્રાફ્સને લગત રજુ કરેલ નથી તે સંજોગોમાં સદરહું ફોટોગ્રાફ્સ માત્ર રજુ થઇ જવાના કારણ માત્રથી પુરવાર થયાનું માની શકાય નહી. વધુમાં તપાસ કરનાર અમલદાર દ્વારા પણ આ કામે આરોપી જે સાધનો વડે વીજ જોડાણ કરી ગેરકાયદેસર વીજ વપરાશ કરતા હતા તેવા કોઇ સાધનો ગુનાના કામે કબજે લીધેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલીત થતું નથી, બનાવવાળી જગ્યા હાલના આરોપીની માલીકી અને કબજા ભોગવટાની હતી તે દર્શાવવા માટે કોઇ સાધનિક આધારો રજુ કરેલ નથી કે ગામના કોઇ તટસ્થ અને સ્વતંત્ર ગણી શકાય તેવા સાહેદોના નિવેદનો પણ આ કામે નોંધી તેઓને તપાસવા ફરિયાદપક્ષ દ્વારા કોઇ પ્રયત્ન કરાયેલ નથી ત્યારે માત્ર હીત ધરાવતા ગણી શકાય તેવા પોલીસ સાહેદો અને પી.જી.વી.સી.એલ. કંપનીના અધિકારી અને કર્મચારીઓની જુબાની પર આધાર રાખી આરોપી બનાવ સ્થળે

પાવર ચોરી કરતા પકડાયેલ હોવાનું માની આરોપીને ગુનાના કામે તકસીરવાન ઠરાવવો ન્યાયોચિત જણાતું નથી. વધુમાં આ કામે રજુ થયેલ પંચનામાને પંચોની જુબાનીથી સમર્થન મળવા પામેલ નથી, બનાવ બન્યા બાદ એક મહીના પછી બનાવવાળી જગ્યાનું પંચનામું તપાસ કરનાર અમલદાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને આ વિલંબ અંગેનો લેશમાત્ર પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ કામે કરવામાં આવેલ નથી ત્યારે તપાસ કરનાર અમલદાર દ્વારા જે તપાસ કરાયેલ છે તે તપાસની તટસ્થતા પ્રત્યે પણ વ્યાજબી શંકા કરવા અને ફરિયાદપક્ષના કેસથી વિરૂધ્ધનું અનુમાન કરવા કારણ ઉપસ્થિત થયેલ છે. તપાસ કરનાર અમલદારે આ ગુનાના કામનો કોઇ મુદ્દામાલ કબજે કરાયેલ હોય તેવું રેકર્ડ પરથી ફલીત થતું નથી ત્યારે આરોપી બનાવવાળી જગ્યાએ પાવર ચોરી કરતો હતો કે કેમ? તે હકિકત પણ શંકાસ્પદ બને છે. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ ના નિર્ણય તરીકે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આ ખ રી હુ ક મ</u>

૧. આથી **સ્પેશ્યલ કેસ (ઈલેક્ટ્રીસીટી) નં.૧૧/૨૦૨૩** ના કામના આરોપી **દિનેશભાઇ કરશનભાઇ મહીડા,** રહે.ખીરસરા (ઘેટીયા) તા.ઉપલેટા, જી.રાજકોટવાળાઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૩૫ (૧) અન્વયે ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસિટી એક્ટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામેથી **શંકાનો લાભ આપી છોડી મુકવાનો** હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી વોરંટના આધારે પકડાઇને આવતા હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, સી.આર.પી.સી.કલમ–૪૩૭ (એ) (૧) મુજબ આરોપીએ જો અપીલ દાખલ થાય તો અપીલમાં હાજર રહેવા માટે

આરોપીએ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા ) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી આરોપીને અન્ય ગુનાના કામે જરૂરીયાત ન હોય તો તાત્કાલીક જેલ મુક્ત કરવા સંબંધીત જેલ ઓથોરીટીને યાદી કરવી.

૩. આ કામે જો કોઈ કિંમતી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો તે અપીલ સમય બાદ તેની માલિકીની ખરાઈ કરી પરત કરવો જ્યારે બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નિકાલ કરવો.

૪. હાલના કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ રેકર્ડ રૂમને મોકલી આપવું.

આ હુકમ આજરોજ તા.૨૯ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ૨૯/૦૭/૨૦૨૬
મુકામઃ ધોરાજી.

*(વૈભવ વસંત મોઢે)*
સ્પેશ્યલ જજ (ઇલેક્ટ્રીસીટી) અને
૧૦ માં એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ એટ–ધોરાજી
**કોડ નં. જીજે–૦૦૮૫૨**